ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ
બોર્ડને ગુજરાત ઠાકોર અને કોળી
વિકાસ નિગમમાં ફેરવવા બાબત.

ગુજરાત સરકાર.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંક : સશપ-૧૪૨૦૦૨-૯૭૧-અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૧૩ - ૯ - ૨૦૦૨

<u>વંચાણે લીધો</u> : - (૧) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૨-૯-૯૭નો ઠરાવ ક્રમાંક સશપ-૧૪૯૬-ચં.૧૦૪-અ.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦-૭-૦૨ નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૨૦૦૨-૯૭૧-અ

<u>પ્રસ્તાવના</u> .

ગુજરાત રાજ્યમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં સમાવિષ્ટ જ્ઞાતિઓ પૈકી દીવેચા કોળી, ચુવાળિયા કોળી, ઘેડિયા કોળી, લોધા, ઠાકરડા, ઠાકોર, પાટણ વાડિયા, ધારાળા , બારિયા અને તળપદા કોળી જેવી જ્ઞાતિઓના ઉત્કર્ષ માટે તથા પછાત ગણાતી આ જ્ઞાતિઓ અન્ય વિકસતી જાતિઓની હરોળમાં આવી શકે તે હેતુથી રાજ્ય સરકાર ઉપર ઉલ્લેખાયેલા તા.૧૨-૯-૯૭ના ઠરાવથી ગુજરાત સમસ્ત ઠાકોર સમાજ વિકાસ બોર્ડની રચના કરી હતી અને ત્યારબાદ તા.૧૦-૭-૨૦૦૨ ના ઠરાવથી આ બોર્ડનું નામાભિધાન બદલીને " ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડ " એવું રાખવામાં આવ્યું હતું. સરકારના આ હેતુ સિધ્ધ કરવામાં વધુ સરળતા રહે અને ઠાકોર અને કોળી જેવી કોમોના સામાજીક અને શૈક્ષણિક ઉત્કર્ષોની સાથો સાથ આર્થિક ઉત્કર્ષ માટે રાષ્ટ્રિય નિગમના પરામર્શમાં વધુ નવી યોજનાઓ કાર્યાન્વિત કરી શકાય તે હેતુથી, હાલના ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડનું નિગમમાં રૂપાંતર કરીને વધુ સ્વાયત્તા આપવાનું જરૂરી જણાયું છે.

<u>ઠરાવ</u> : -

આ હેતુસર વિચારણાને અંતે રાજ્ય સરકાર નીચે મુજબ હાલના ગુજરાત ઠાકોરઅને કોળી વિકાસ બોર્ડને " ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર" નામે નિગમમાં ફેરવવાનું ઠરાવે છે.

(૧) ઠાકોર અને કોળી કોમોના આર્થિક, સામાજીક અને શૈક્ષણિક વિકાસ માટે રાજ્યમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. , ગાંધીનગરના જરૂરી મેમોરેન્ડમ ઓફ એસોસિએશન એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશન તૈયાર કરી તેની વિધિવત નોંધણી ભારતીય કંપની અધિનિયમ-૧૯૫૬ હેઠળ કરવાની રહેશે અને નોંધણીની કાર્યવાહી પૂરી થયા બાદ આ અંગેની

વિગતો નિયમાનુસાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાને પૂરી પાડવાની, ધારા ધોરણો અનુસાર લઘુત્તમ ફંડ જાળવવાનું વગેરે આનુષાંગિક કાર્યવાહી કરવાની થશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાનું આવું સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ નાણાકીય ધીરાણ વગેરેની આનુષાંગિક કાર્યવાહી નિગમ કરી શકશે. નિગમનું વડું મથક ગાંધીનગર રહેશે.

(૨) નિગમના મેમોરેન્ડમ એન્ડ આર્ટીકલ્સ ઓફ એસોસિએશનમાં હાલના ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડના ઉદ્દેશોનો મહદઅંશે સમાવેશ કરી લેવાનો રહેશે.

(૩) આ નિગમની રચના થયેથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ સ્વતંત્ર રીતે કેન્દ્ર સરકારના સંબંધકર્તા રાષ્ટ્રીય નિગમ પાસેથી સીધું ધીરાણ મેળવીને આ કોમોના ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓના અમલ અંગેની કાર્યવાહી કરશે.

(૪) ઉપર દર્શાવ્યા મુજબની વિવિધત નોંધણી તથા અન્ય આનુષાંગિક પ્રક્રિયા પૂર્ણ થાય અને નિગમ સ્વતંત્ર પણે કાર્યરત થાય ત્યાં સુધીમાં ઠાકોર અને કોળી વિકાસ બોર્ડની હાલની કામગીરી ચાલુ રહેશે. નિગમને કાર્યરત કરવા કન્સલ્ટંટ તરીકે નિષ્ણાંત પાર્ટ ટાઈમ કંપની સેક્રેટરી અને ચાર્ટર એકાઉન્ટન્ટની જરૂરિયાત મુજબ નિમણુંક કરવાની થશે.

(૫) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડના હાલના મહેકમમાં તદનુરૂપ આનુષાંગિક ફેરફારો સાથે નવેસરથી મહેકમની મંજૂરી મેળવવાની રહેશે.

૨. આ નિગમનું કાર્યવાહક મંડળ નીચે મુજબ ૧૫ સભ્યોનું થશે અને નિગમની નોંધણી વગેરે થયા બાદ, હાલના કાર્યવાહક મંડળમાં નીચે મુજબ ફેરફારો કરવાના થશે.

(અ) નિગમમાં ૮ બિનસરકારી સભ્યોની નિયુક્તિ નીચે મુજબ થશે.

(૧) ચેરમેનશ્રી,
(૨) ડેપ્યુટી ચેરમેનશ્રી,
(૩) અન્ય ૬ બિનસરકારી સભ્યો.

આ બિનસરકારી સભ્યોની નિમણૂક સરકાર કરશે અને તેમાં ઠાકોર અને કોળી જાતિઓના સભ્યશ્રીઓને એક સરખું પ્રતિનિધિત્વ મળે તે જોવાનું રહેશે.

(બ) નિગમમાં નીચે દર્શાવ્યા મુજબ સાત સરકારી સભ્યો રહેશે.

(૧) નાયબ સચિવ ( વિ.જા ) સા.ન્યા.અધિ. વિભાગ.
(૨) નાણા સલાહકારશ્રી ( સા.ન્યા.અધિ. વિભાગ. )
(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું.
(૪) કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગ અથવા તેમના દ્વારા નિયુક્ત કરાયેલ વર્ગ–૧ ના અધિકારી.
(૫) મેનેજિંગ ડિરેકટર.
(૬) યથા પ્રસંગે સરકાર નકકી કરે તે મુજબના બે સરકારી સભ્યોની નિમણુંક
(૭) કરવામાં આવશે.

૩. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનું અધિકૃત શેર ભંડોળ રૂા. ૧૦, કરોડનું રહેશે. આ અંગે ચાલુ અંદાજપત્રમાં જોગવાઈ થયેલ ન હોવાથી આ અંગે નાણાંવિભાગના પરામર્શમાં સરકાર અલગ રીતે અધિકૃત રકમ ફાળવવાની કાર્યવાહી કરશે.

૪. સચિવશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડ આ અંગેની જરૂરી આનુષાંગિક કાર્યવાહી સત્વરે હાથ ધરી નિગમ સત્વરે કાર્યાન્વિત થાય તે જોવું.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.સી.રાઠોડ)
નાયબ સચિવ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ, રા.ક.મંત્રીશ્રીઓ / અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- સચિવાલયોના સર્વે વિભાગો.
- સા.વ.વિ , કેબિનેટ શાખા ( વધારાની ત્રણ નકલ સાથે )
- નાણાં વિભાગ, ગાંધીનગર.
- કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પશુપાલન ખાતુ, અમદાવાદ.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ , ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લીમીટેડ , ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી ( વિ.જા )
- ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોઉધોગ, ઉધોગ ભવન, ગાંધીનગર
- સીલેકટ ફાઈલ , અ. શાખા.

ભરત : એઃ પેજ : ૨૫